# સરદાર પટેલ યુનિવર્સિટી
# વલ્લભ વિદ્યાનગર

નંબરઃ કે.૪/૪૯૯ તા.૧૧/૦૬/૨૦૨૦

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ

સવિનય જણાવવાનું કે તારીખઃ ૦૩/૦૬/૨૦૨૦ને બુધવારના રોજ મળેલ સિન્ડિકેટ સભાની કાર્યનોંધ મોકલેલ છે. કાર્યનોંધમાં જે સભ્યશ્રીઓએ જે કંઈ ફેરફાર સૂચવવાનો હોય તો તે આ કાર્યાલયને મોડામાં મોડા તા. ૨૦/૦૬/૨૦૨૦ સુધીમાં મળે તે રીતે મોકલવા વિનંતી છે.

કા.કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

# સરદાર પટેલ યુનિવર્સિટી

## વલ્લભ વિદ્યાનગર

## સિન્ડિકેટની સભા (તારીખઃ03/0૬/૨૦૨૦, બુધવાર)

## કાર્યનોંધ

સિન્ડિકેટની સભા, તારીખઃ03/0૬/૨૦૨૦ને બુધવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે યુનિવર્સિટીના સિન્ડિકેટ ખંડમાં, વલ્લભ વિદ્યાનગર મુકામે મળી હતી.

સભામાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :-

| ક્રમ | સભ્યશ્રીઓના નામ |
|---|---|
| ૧) | ડૉ. શિરીષ આર. કુલકર્ણી (કુલપતિશ્રી) |
| ૨) | ડૉ. કે.સી.પટેલ |
| ૩) | ડૉ. નિરંજનકુમાર પી. પટેલ |
| ૪) | ડૉ. વિજયસિંહ એમ.વનાર |
| ૫) | ડૉ. ભાવેશ ડી. પટેલ |
| ૬) | શ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ |
| ૭) | શ્રી કેતનકુમાર પરસોત્તમદાસ પટેલ |
| ૮) | શ્રી મહેન્દ્રભાઇ કેવલદાસ નાથી |
| ૯) | શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૦) | ડૉ. યજ્ઞેશકુમાર મોહનલાલ દલવાડી |
| ૧૧) | ડૉ. મહંમદરફી ગુલાબભાઇ મન્સુરી |
| ૧૨) | શ્રી વિકાસ જીતેન્દ્રકુમાર શાહ |
| ૧૩) | શ્રીમતી પ્રતિક્ષા ચુનીભાઇ પટેલ |
| ૧૪) | શ્રી મેહુલકુમાર દિનેશચંદ્ર પટેલ |
| ૧૫) | શ્રી મનિષ એસ. પટેલ |
| ૧૬) | શ્રી રાજેશભાઇ રમેશભાઇ પટેલ |
| ૧૭) | શ્રી સંજયકુમાર રમણભાઇ પટેલ |
| ૧૮) | શ્રી સુનીલ સુર્યકાન્તભાઇ શાહ |
| ૧૯) | શ્રી મીતેશભાઇ રમેશભાઇ પટેલ |

નીચેના સભ્યશ્રીઓ હાજર રહી શક્યા ન હતાઃ-

| | |
|---|---|
| ૧) | ડાયરેકટર, કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત રાજ્ય |
| ૨) | ડાયરેકટર ઓફ હેલ્થ, મેડીકલ સર્વિસીસ એન્ડ મેડીકલ એજ્યુકેશન |
| ૩) | જોઇન્ટ ડાયરેકટર (કમિશ્નર ઓફ ટેકનીકલ એજ્યુકેશન, ગુજરાત રાજ્ય) |
| ૪) | ડૉ. પ્રેમચંદ્ મોરારભાઇ કોરાલી |
| ૫) | શ્રી દેવાંગભાઇ રમેશભાઇ પટેલ(જાણ કરી) |
| ૬) | શ્રી રાહુલ આનંદ દલાલ |

શ્રી અલ્પેશ પુરોહિતને તા.૧૬-૦૮-૨૦૧૯ની સિન્ડિકેટ સભાના ઠરાવ અનુસાર તા.૧૫-૦૮-૨૦૨૦ સુધી સિન્ડિકેટની કોઇપણ સભામાં હાજરીમાંથી બાકાત રાખવામાં આવે છે.

યુનિવર્સિટી ગીતના મંગળ આહવાનથી સભાની શરૂઆત કરવામાં આવી.
કુલપતિશ્રીએ સર્વે સિન્ડિકેટ સભ્યોશ્રીને આવકાર્યા હતા. કુલપતિશ્રી દ્વારા એન.એસ.એસના સ્વયંસેવકો દ્વારા કોરોના વોરીયર્સ તરીકે આપેલ સેવાને બિરદાવવામાં આવી. આ વિકટ સમયમાં યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરના કર્મચારીઓ અને લેડીઝ હોસ્ટેલના કર્મચારીઓનો આભાર વ્યકત કર્યો હતો.

તા.૦૧-૦૬-૨૦૨૦ના રોજ યુનિવર્સિટીના બાયોસાયન્સ ડીંપાટમેન્ટમાં લાગેલી આગને કારણે થયેલ નુકશાન અંગે વિગતો આપી.

## (સિન્ડિકેટ વિભાગ)

૧. તારીખઃ ૦૫/૦૩/૨૦૨૦, ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવા બાબત. (બિડાણઃ૧ પૃ.૧ થી ૩)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૫/૦૩/૨૦૨૦, ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાની કાર્યનોંધ મંજૂર કરવામાં આવી.**
**તારીખઃ૦૫-૦૩-૨૦૨૦ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં બાબત ક્રમાંકઃ૩ થી રજૂ થયેલ સ્ટેચ્યૂટ.૭૬ અન્વયે અભ્યાસ સમિતિની યાદીમાં થયેલ સુધારો પત્ર નંઃડી/એ-૪૨/૬૦૬૪ તાઃ૧૭/૦૩/૨૦૨૦ના પત્રમાં દર્શાવ્યા મુજબનો સુધારો વંચાણે લેવામાં આવ્યો.**

૨. તારીખઃ ૦૫/૦૩/૨૦૨૦, ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલા ઠરાવો ઉપર કરેલી કાર્યવાહિના અહેવાલની નોંધ લેવા બાબત. (બિડાણઃ ૨)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ ૦૫/૦૩/૨૦૨૦, ગુરુવારના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ પસાર કરેલ ઠરાવો ઉપર કરેલ કાર્યવાહી મંજૂર કરવામાં આવી.**

૩.૦ કા.આચાર્યશ્રી, શ્રી ભીખાભાઇ પટેલ આર્ટસ કોલેજ, આણંદમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બેચલર ઓફ સોશ્યલ વર્કનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૦ પૃઃ૪ થી ૬)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Can add more teachers as per the workload for BSW/MSW.
- Need trained & professional social worker.
- Need Four (04) approved teaching staff.

૩.૧ કા.આચાર્યશ્રી, તારકેશ એન્ડ નિરંજના પટેલ કોમર્સ કોલેજ, બોરીયાવીમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે બી.કોમનો સ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૧ પૃઃ૭ થી ૯)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Appointment of Regular Principal required.
- Three permanent qualified teaching staff needs to be appointed.

- Additional reference books related to subject needs to be purchased.
- CCTV surveillance required to install.

૩.૨ આચાર્યશ્રી, શ્રી આર. પી. આર્ટસ, કે.બી.કોમર્સ એન્ડ શ્રીમતી બી. સી. જે સાયન્સ કોલેજ, ખંભાતમાં જૂન-૨૦૧૯થી નાણાંકીય સ્વનિર્ભરતાના ધોરણે એમ.એસ.સી(કેમેસ્ટ્રી)નો અનુસ્નાતક અભ્યાસક્રમ શીખવવા એક વર્ષ માટે ચાલુ જોડાણ આપવા સેનેટે નકકી કરેલ શરતોનું કોલેજે પરિપાલન કર્યુ છે કે કેમ? તે અંગે તપાસ કરી અહેવાલ આપવા કુલપતિશ્રીએ નીમેલ ઓન-ધ-સ્પોટ સમિતિએ આપેલ અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ૩.૨ પૃઃ૧૦ થી ૧૨)

**SPECIFIC COMMENTS FROM THE OTS COMMITTEE**

- Taskforce recommendations are yet to be fulfilled in writing. Asked to be submitted within 02 days.
- 01 Professor and 01 Associate Professor to be appointed.
- Syndicate approval of teachers to be obtained.

**(નોંધ :બાબત ક્રમાંકઃ ૩.૦ થી ૩.૩ની ચર્ચા એક સાથે હાથ ધરવામાં આવી હતી.)**
**સભામાં થયેલી સર્વગ્રાહી અને તલસ્પર્શી ચર્ચા વિચારણાને અંતે આથી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.**

**૧. ત્રુટીઓ વાળી કોલેજોની ટાસ્ક ફોર્સ મુલાકાત લેશે અને જેનો અહેવાલ સિન્ડિકેટમાં ચર્ચા બાદ નિર્ણય લેવાશે.**

**૨. જે કોલેજ માટે સિન્ડિકેટ ભલામણ કરશે તે કોલેજનું રાજય સરકારશ્રીને જોડાણ અંગેના જાહેરનામા બહાર પાડ્વા માટે ભલામણ કરશે.**

## (મહેકમ વિભાગ)

૪. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલી તારીખે બે વર્ષનો અજમાયશી સમય પુરો કરતા હોઇ તેઓને જે તે કાયમી જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

| અનુ. | નામ, હોદ્દો અને વિભાગ | બે વર્ષનો અજમાયશી સમય પૂરો થવાની તારીખ |
|---|---|---|
| ૧. | ડૉ. જ્યોતિન્દ્ર ચંદ્રસિંહ પ્રજાપતિ<br>એસોસીએટ પ્રોફેસર<br>અનુસ્નાતક ગણિતશાસ્ત્ર વિભાગ | ૧૯-૦૪-૨૦૨૦ |
| ૨. | ડૉ. વિજયકુમાર કુંવરજી પરમાર<br>એસોસીએટ પ્રોફેસર<br>અનુસ્નાતક ફાર્માસ્યુટીકલ સાયન્સ વિભાગ | ૧૬-૦૫-૨૦૨૦ |
| ૩. | ડૉ. સુરેશકુમાર ફકીરભાઈ પટેલ<br>પ્રેસ મેનેજર, યુનિવર્સિટી પ્રેસ | ૨૩-૦૫-૨૦૨૦ |

**આથી ઠરાવવામાં આવે છે કે કાર્યસુચીમાં દર્શાવેલ ક્રમાંક ૧ થી ૩માં દર્શાવેલ કર્મચારીઓનો અજમાયશી સમયગાળા દરમ્યાનની કામગીરી સંતોષકારક હોઇ સંબંધકર્તા તારીખથી તેઓને કાયમી જગ્યા ઉપર કાયમી તરીકેનો આદેશ બહાર પાડવો.**

૫. યુનિવર્સિટીના અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં ડૉ. કિરીટકુમાર નટવરલાલ લાડ તારીખઃ ૩૧-૦૫-૨૦૨૦ના રોજ બે વર્ષનો અજમાયશી સમય પુરો કરતા હોઇ તેઓને પ્રોફેસરની જગા ઉપર કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના અનુસ્નાતક ભૌતિકશાસ્ત્ર વિભાગમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતાં ડૉ. કિરીટકુમાર નટવરલાલ લાડનો અજમાયશી સમયગાળા દરમ્યાનની કામગીરી સંતોષકારક હોઇ સંબંધકર્તા તારીખથી તેઓને કાયમી જગ્યા ઉપર કાયમી તરીકેનો આદેશ બહાર પાડવો.**

૬. યુનિવર્સિટીમાં નીચે જણાવેલા શિક્ષક કર્મચારીઓ તેમના નામ સામે દર્શાવેલ તારીખે ૬૨ વર્ષની વય પૂરી કરતા હોઈ તેઓ નિયમાનુસાર તારીખઃ ૩૧-૧૦-૨૦૨૦ના રોજ (ઓફિસ સમય બાદ) નિવૃત્ત થશે તેની નોંધ લેવા બાબત.

| **અનુ. નં.** | **નામ અને હોદ્દો** | **વિભાગ** | **જન્મ તારીખ** | **૬૨ વર્ષની વય પૂરી કર્યાની તારીખ** |
|---|---|---|---|---|
| ૧. | ડૉ. ટી. વી. રામન રાવ<br>પ્રોફેસર (સીએએસ) (આરડીઈએસ) | અનુસ્નાતક<br>બાયોસાયન્સીસ વિભાગ | ૦૧-૦૯-૧૯૫૮ | ૩૧-૦૮-૨૦૨૦ |
| ૨. | ડૉ. (શ્રીમતી) કિરણ શિવકમલ કાલીયા<br>પ્રોફેસર (સીએએસ) | અનુસ્નાતક<br>બાયોસાયન્સીસ વિભાગ | ૦૮-૦૯-૧૯૫૮ | ૦૭-૦૯-૨૦૨૦ |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત કર્મચારીઓની નિવૃતિની નોંધ લેવી અને શુભેચ્છા પાઠવવી.**

## (પરીક્ષા વિભાગ)

૭. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/વિભાગોમાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી તમામ ફી માફ કરવા અંગે રાષ્ટ્રીય અંધજન મંડળ, આણંદ (National Association For The Blind (District Branch Anand) દ્વારા તારીખ : ૨૪/૦૧/૨૦૨૦ના રોજ પત્ર (ધ્વજ-અ) દ્વારા રજૂઆત મળેલ છે કે સદર વિદ્યાર્થીઓની યુનિવર્સિટી પરીક્ષા ફી માફી કરવા અંગે ચર્ચા વિચારણા કરવા બાબત...

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/વિભાગોમાં અભ્યાસ કરતા પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓની યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી પરીક્ષા ફી માફ કરવી.**

**(એકેડેમિક વિભાગ)**

૮. **મંત્રીશ્રી, ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદના તારીખઃ૧૮/૨/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ** C.E.S./169/ 2019-20**થી તેઓની સોસાયટી સંચાલિત શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;**

**<u>શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદ</u>**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Dr. Parimalsinh Ramsinh Chavda<br>બી.કોમ. એપ્રિલ-૨૦૦૪ ૪૬%<br>પી.જી.ડીપ્લોમાં ઇન એપ્લાઇડ ઇકોનોમીકસ એપ્રિલ-૨૦૦૫ ૪૯.૧૬%<br>એમ.કોમ. એપ્રિલ-૨૦૦૭ ૬૦%<br>એમ.ફીલ. (ઇકોનોમીકસ)એપ્રિલ-૨૦૦૯ ૬૬.૫૦%<br>**<u>પીએચ.ડી. (ઇકોનોમીકસ) ફેબ્રુઆરી-૨૦૧૯</u>**<br>**<u>શૈક્ષણિક અનુભવ</u> :**૧ વર્ષ એડહોક લેકચરર | Assistant Professor in B.B.A. (Economics) | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૯. કાર્યકારી આચાર્યશ્રી, શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન, આણંદના તારીખઃ ૧૨/૩/ ૨૦૨૦ના પત્ર નં. ૧૨૯૫થી તેમની કોલેજમાં નીચેના અધ્યાપકની કરવામાં આવેલ નિમણૂંકને માન્યતા આપવા કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત;

**<u>શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદ</u>**

| અ.નં. | નામ અને લાયકાત | નિમણૂંકનો હોદ્દો | શેરો |
|---|---|---|---|
| ૧. | Chavda Jitendrakumar Manubhai<br>બી.કોમ. એપ્રિલ-૨૦૧૩ ૬૦%<br>એમ.કોમ. એપ્રિલ-૨૦૧૫ ૮૧.૫૦%<br>એમ.ફીલ. (કોમર્સ) એપ્રિલ-૨૦૧૬ ૭૫%<br>સર્ટિફીકેટ ઇન કોમ્પ્યુટર કોન્સેપ્ટ (સી.સી.સી.) જાન્યુઆરી-૨૦૧૮ ૭૬.૨૫%<br>**<u>જીસેટ (કોમર્સ) સપ્ટેમ્બર-૨૦૧૬</u>**<br>**<u>યુજીસી-નેટ (કોમર્સ) જુલાઇ-૨૦૧૭</u>** | Assistant Professor in Accountancy, Commerce & Management | લાયકાત ધરાવે છે. |

**આથી ઠરાવવામાં આવે છે કે પ્રવર્તમાન Statute:196 અને Statute:197ની જોગવાઇ મુજબ શ્રી ડી.એન. ઈન્સ્ટિટયુટ ઓફ બિઝનેશ એડમીનીસ્ટ્રેશન, આણંદમાં ઉપરોકત ક્રમાંકઃ ૧ ની કરેલ અધ્યાપકની નિમણૂંકને માન્યતા આપવી.**

૧૦. સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ કવટઃ૨૦૧૭/IHC2/ફાજલ/૩૨૦૨-૩૨૨૭ તારીખઃ૬/૫/૨૦૧૭થી બિન સરકારી અનુદાનપાત્ર આર્ટસ, કોમર્સ, વિજ્ઞાન, લો અને શિક્ષણની કોલેજોમાં યુ.જી.સી.ની ભલામણો મુજબ શિક્ષકોનો કાર્યભાર નકકી કરતા પૂર્ણ સમયના અધ્યાપકો કાર્યભાર વગરના / અલ્પ કાર્યભાર બને તેવા અધ્યાપકોને અન્ય કોલેજોમાં તે વિષયની ખાલી જગ્યા ઉપર સમાવવા અંતર્ગત સંસ્કૃત વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા શ્રી સુરેશચંન્દ્ર નરોત્તમભાઇ પરમારની એમ.આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળાથી ભારતીય વિદ્યા ભવન્સ શ્રી આઇ.એસ.પી. આર્ટ્સ-સાયન્સ એન્ડ જે શાહ કોમર્સ કોલેજ, ડાકોર જી.ખેડામાં સંસ્કૃત વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે રાજ્ય સરકારશ્રીએ નિમણૂંક કરેલ છે. અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૧૨/૫/૨૦૧૭ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૩૦/ ૧/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ ૪૮૭/૨૦૧૯-૨૦થી કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી સુરેશચંન્દ્ર નરોત્તમભાઇ પરમારની એમ.આર. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, રાજપીપળાથી ભારતીય વિદ્યા ભવન્સ શ્રી આઇ.એસ.પી. આર્ટ્સ-સાયન્સ એન્ડ જે શાહ કોમર્સ કોલેજ, ડાકોર જી.ખેડામાં સંસ્કૃત વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે રાજ્ય સરકારશ્રીએ કરેલ નિમણુંકને માન્યતા આપવી.**
**શૈક્ષણિક લાયકાતઃ બી.એ. (સંસ્કૃત) એપ્રિલ-૧૯૮૬ ૫૬.૭૭ %, એમ. એ. (સંસ્કૃત) મે/જૂન-૧૯૮૮)**

૧૧. સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ), ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગરની કચેરીના આદેશ ક્રમાંકઃ OW/IHC2/પા.ટા. ભરતી/અ.સ./૨૦૨૦/૪૪૪-૪૪૯ તારીખઃ૨૩/૧/૨૦૨૦થી રાજયની બિનસરકારી અનુદાનિત કોલેજમાં ફરજ બજાવતા ખંડ સમયના અધ્યાપકો કે જેઓ યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનનાં ધોરણો મુજબ લઘુત્તમ શૈક્ષણિક લાયકાત પરીપૂર્ણ કરેલ છે, તે પૈકી સંસ્કૃત વિષયમાં ખંડ સમયના અધ્યાપક Dr. Melabhai Bhikhabhai Vaghelaની સંસ્કૃત વિષયમાં પૂર્ણ સયમના અધ્યાપક સહાયક તરીકે શ્રી આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદમાં રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂા.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૨૯/૧/ ૨૦૨૦ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણૂંકને મંજૂરી આપવા આચાર્યશ્રીના તારીખઃ૧૨/૩/૨૦૨૦ના પત્ર ક્રમાંકઃ ૫૮૫/૧૯-૨૦થી વિનંતી પર વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે Dr. Melabhai Bhikhabhai Vaghelaની સંસ્કૃત વિષયમાં પૂર્ણ સયમના અધ્યાપક સહાયક તરીકે શ્રી આર.કે.પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદમાં રાજ્ય સરકારશ્રીએ પ્રથમ પાંચ વર્ષ માટે માસિક ફિકસ રૂા.૪૦,૧૭૬/-ના પગારમાં સમાવેશ કરેલ છે અને તેઓ સદર કોલેજમાં તારીખઃ૨૯/૧/૨૦૨૦ના રોજ હાજર થયેલ છે તો તેમની નિમણુંકને માન્યતા આપવી.**
**શૈક્ષણિક લાયકાતઃ બી.એ. (સંસ્કૃત) મે-૧૯૮૮ ૬૬.૫૪%, એમ.એ. (સંસ્કૃત) એપ્રિલ/મે-૧૯૯૧ ૬૧.૩૭% બી.એડ્. (ગુજરાતી / સંસ્કૃત) એપ્રિલ-૧૯૮૯ ૬૦.૩૩%, પીએચ.ડી. (સંસ્કૃત) એપ્રિલ - ૨૦૧૭)**

૧૨. તારીખઃ ૯/૩/૨૦૧૮ના રોજ મળેલ એડહોક બોર્ડ ઓફ સ્ટડીઝ ઇન આર્કિટેકચરની સભાએ ભલામણ કર્યા અનુસાર ઇન્ટીરીયર ડિઝાઇનના અભ્યાસક્રમોનો સમાવેશ હાલમાં આર્ટ્સ ફેકલ્ટીમાં કરવામાં આવેલ હોઇ, ઇન્ટીરીયર ડિઝાઇનના અભ્યાસક્રમોને ફેકલ્ટી ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી અંતર્ગત આર્કિટેકચરના એડહોક બોર્ડમાં તબદીલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટીરીયર ડિઝાઇનના અભ્યાસક્રમોનો સમાવેશ હાલમાં આર્ટ્સ ફેકલ્ટીમાં કરવામાં આવેલ હોઇ, ઇન્ટીરીયર ડિઝાઇનના અભ્યાસક્રમોને ફેકલ્ટી ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજી અંતર્ગત આર્કિટેકચરના એડહોક બોર્ડમાં તબદીલ કરવી.**

**સિન્ડિકેટ સભ્યશ્રી બિપીનચંદ્ર પુરષોત્તમદાસ પટેલ દ્વારા આર્કિટેકચરના એડહોક બોર્ડમાં સિવિલ એન્જીન્યરીંગનો સમાવેશ કરવા સૂચન કરેલ હતું.**

**(હીસાબ વિભાગ)**

૧૩. તારીખઃ૨૨/૦૫/૨૦૨૦ને શુક્રવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિની સભાએ કરેલ ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બિડાણઃ ૪ પૃઃકાર્યનોંધ)

**આથી ઠરાવવામાં આવે છે કે તારીખઃ૨૨/૦૫/૨૦૨૦ને શુક્રવારના રોજ મળેલ ફાઇનાન્સ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિએ કરેલ ભલામણો મંજુર કરવી.**

**(સિન્ડિકેટ વિભાગ)**

૧૪. અંડર સેક્રેટરી ગુજરાત સરકાર, એજયુકેશન વિભાગના જાહેરનામા ક્રમાંકઃGH/SH/82/EPU/2019 / 1025/KH-I અને GH/SH/81/EPU/2019/949/KH-I તારીખઃ૨૦-૦૯-૨૦૧૯ના જાહેરનામા ધ ગુજરાત પ્રાઈવેટ યુનિવર્સિટી(બીજો સુધારો)એકટ-૨૦૧૯(ગુજરાત એકટ નંઃ૨૦નો ૨૦૧૯) ગુજરાત રાજય સરકારે સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિધાનગર સંલગ્ન ૧).ચારુતર વિદ્યા મંડળ, વલ્લભ વિધાનગર અને ૨). ચારુતર આરોગ્ય મંડળ, કરમસદ એમ બે મંડળોને પ્રાઈવેટ યુનિવર્સિટી નો દરજ્જો મળેલ છે, જેની નોંધ લેવા બાબત. (બિડાણઃ૫ પૃઃ ગુજરાત સરકારનું નોટીફીકેશન)

**૧).** સી.વી.એમ યુનિવર્સિટીની સ્થાપના બાદ ચારૂતર વિધામંડળ સંચાલીત સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને અભ્યાસક્રમો સી.વી.એમ યુનિવર્સિટી વલ્લભ વિધાનગરમાં તબદીલ કરવા બાબત.

| ક્રમ | **સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને અભ્યાસક્રમ** |
|---|---|
| ૧. | એન. વી. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સીસ, વલ્લભ વિધાનગર |
| ૨. | ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ સ્ટડીઝ એન્ડ રીસર્ચ(આઇસ્ટાર), વલ્લભ વિધાનગર |
| ૩. | સેમકોમ, વલ્લભ વિધાનગર |
| ૪. | સી. વી. એમ કોલેજ ઓફ ફાઇન આર્ટસ, વલ્લભ વિધાનગર |
| ૫. | સી. વી. એમ ઇન્સ્ટીટયુટ ઓફ હ્યુમન રીસોર્સ ડેવલોપમેન્ટ, વલ્લભ વિધાનગર |
| ૬. | વે-મેડ કોલેજ ઓફ એજયુકેશન, વલ્લભ વિધાનગર |

| | |
|---|---|
| ૭. | ઈન્સ્ટીટ્યુટ ઓફ લેંગ્વેજ સ્ટડીઝ એપ્લાઇડ સોશ્યલ સાયન્સીસ(ઈલસાસ), વલ્લભ વિદ્યાનગર |
| ૮. | આર. એન. પટેલ ઈપ્કોવાલા સ્કુલ ઓફ લો એન્ડ જસ્ટીસ, વલ્લભ વિદ્યાનગર |
| ૯. | સેન્ટર ફોર સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઓન લાઈફ એન્ડ વર્કસ ઓફ સરદાર વલ્લભભાઈ પટેલ(સેરલીપ), વલ્લભ વિદ્યાનગર |
| ૧૦. | અશોક એન્ડ રીટા પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ટીગ્રેટેડ સ્ટડી એન્ડ રીસર્ચ ઈન બાયોટેકનોલોજી એન્ડ અલાઈડ સાયન્સીસ, ન્યુ વલ્લભ વિદ્યાનગર |
| ૧૧. | શાંતાબેન મનુભાઈ પટેલ સ્કુલ ઓફ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન આર્કીટેકચર એન્ડ ઈન્ટીરીયર ડીઝાઈન, વલ્લભ વિદ્યાનગર |
| ૧૨. | સી. ઝેડ પટેલ કોલેજ ઓફ બિઝનેશ એન્ડ મેનેજમેન્ટ, ન્યુ વલ્લભ વિદ્યાનગર |
| ૧૩. | સી. એલ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ સ્ટડીઝ એન્ડ રીસર્ચ ઈન રીન્યુએબલ એનર્જી, ન્યુ વલ્લભ વિદ્યાનગર |
| ૧૪. | બી.સી.એ, બી. એસ.સી(ઈન્સ્ટુમેન્શન), બી.એસ.સી(આઈ.સી) વી. પી એન્ડ આર.પી.ટી.પી સાયન્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| ૧૫.. | (એમ.કોમ(સી.બી.સી.એસ) બી.જે.વી.એમ, વલ્લભ વિદ્યાનગર |
| ૧૬. | એમ. એ(લોજીક અને ફીલોસોફી), કોમ્પ્યુટર એપ્લીકેશન, ઓફીસ મેનેજમેન્ટ એન્ડ એસ.પી<br>નલીની-અરવિંદ એન્ડ ટી.વી પટેલ આર્ટસ કોલેજ, વલ્લભ વિદ્યાનગર |
| ૧૭. | (સ્પોર્ટસ ન્યુટ્રીશન, ઈન્ટીરીયર, ફેશન ડીઝાઈન- સેલ્ફ ફાઈનાન્સ સટીફીકેટ કોર્ષ)<br>(સ્પોર્ટસ ન્યુટ્રીશન, ઈન્ટીરીયર, ફેશન ડીઝાઈન- સેલ્ફ ફાઈનાન્સ ડીપ્લોમા કોર્ષ)<br>(બી.એસ.સી FSQC-3 Years Degree સેલ્ફ ફાઈનાન્સ કોર્ષ) એસ. એમ. પટેલ કોલેજ ઓફ હોમસાયન્સ ,વલ્લભ વિદ્યાનગર |

**૨). ભાઈકાકા યુનિવર્સિટીની સ્થાપના બાદ ચારુતર આરોગ્ય મંડળ સંચાલીત સેલ્ફ ફાઈનાન્સ કોલેજો અને અભ્યાસક્રમો ભાઈકાકા યુનિવર્સિટી કરમસદમાં તબદીલ કરવા બાબત.**

| સેલ્ફ ફાઈનાન્સ કોલેજો | | અભ્યાસક્રમ |
|---|---|---|
| ૧. | જી. એચ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ, કરમસદ | Basic B.Sc(N) |
| ૨. | કે. એમ. પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફીઝીયોથેરાપી, કરમસદ | B.P.T., M.P.T. |
| ૩. | પ્રમુખસ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | **Degree Courses**<br>Medicine<br>Anaesthesiology<br>E.N.T<br>Orthopaedic<br>Surgery<br>P & S M<br>Paediatrics<br>Obstertrics & Gynaecology<br>Radiology<br>Skin & VD(Dermatology)<br>Ophthalmology<br>Anatomy<br>Physiology<br>Pathology<br>Biochemistry<br>Microbiology<br>Pharmacology |

| | | |
|---|---|---|
| | | TB/Chest (Respiratory Medicine)<br>Forensic Medicine<br>**Diploma & PG Diploma**<br>Anaesthesiology<br>E.N.T.<br>Orthopaedic<br>Paediatric<br>Obstertrics & Gynaecology<br>Radiology<br>Skin & VD(Dermatology)<br>Ophthalmology-<br>TB/Chest (Respiratory Medicine) |
| ૪. | શ્રીમતી એલ. પી. પટેલ ઇન્સ્ટીટયુટ ઓફ મેડીકલ લેબ. ટેકનોલોજી, કરમસદ | D.M.L.T. , M. Sc. M.L.T |
| ૫. | કેમ ઇન્સ્ટીટયુટ ઓફ એલાઇડ હેલ્થ સાયન્સ એન્ડ ટેકનોલોજી, કરમસદ | B. Sc (M. T in C L T)<br>B. Sc (M. T in Radio Therapy Tech.)<br>B. Sc (M. T in OT & Anesthesia Technology)<br>B. Sc (M. T in Imaging Tech)<br>B. Sc (M. T in Respiratory care Tech…)<br>B. Sc (M. T in Perfusion Tech…)<br>P G D IN Clinical Die tics<br>P G D in Cardiac Care |

**આથી ઠરાવવામાં આવે છે કે..**

**૧) સી.વી.એમ યુનિવર્સિટીના પત્ર ક્રમાંકઃ સી.વી.એમ યુનિ./૮૫/૨૦૧૯-૨૦/૧૫ પ્રમાણે ગુજરાત સરકારે ચારુતર વિદ્યા મંડળને પ્રાઈવેટ યુનિવર્સિટી સ્ટેટસ આપેલ છે. ગુજરાત પ્રાઈવેટ યુનિ.(સેકન્ડ અમેન્ડમેન્ટ)એકટ ૨૦૧૯(ગુજરાત એકટ નંબરઃ૨૦)હેઠળ શિક્ષણ વિભાગે તા.૨૦-૦૯-૨૦૧૯ના રોજ જાહેરનામું નંબરઃ GH/SH/82/ EPU/2019/1025/KH-1 બહાર પાડેલ છે. પ્રાઈવેટ યુનિવર્સિટી એકટ-૨૦૧૯ નં-૨૦ સેકશન ૩(૫) અને સેકશન ૪૫ ધ્યાને લેતા સ્પોનસરીંગ બોડી ચારુતર વિદ્યા મંડળ સંચાલીત સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/ઇન્સ્ટીટયુટને સી.વી.એમ યુનિવર્સિટીમાં તબદીલ કરવા સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી તબકકાવાર ડી-એફીલીએટ કરીએ.**

**તેમજ સ્પોનસરીંગ બોડી ચારુતર વિદ્યા મંડળ સંચાલીત ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો/ ઇન્સ્ટીટયુટ તથા તેમાં ચાલતા સેલ્ફ ફાઇનાન્સ અભ્યાસક્રમોનું એફીલીએશન સરદાર પટેલ યુનિવર્સિટીમાં અથવા સી.વી.એમ યુનિવર્સિટી સાથે સરકારની સ્પષ્ટતાની અપેક્ષાએ અનિર્ણિત રાખીએ.**

૨. ચારુતર આરોગ્ય મંડળ સંચાલીત સેલ્ફ ફાઇનાન્સ કોલેજો /ઇન્સ્ટીટ્યુટને ભાઇકાકા યુનિવર્સિટીમાં તબદીલ કરવા સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી તબક્કાવાર ડી-એફીલીએટ કરીએ.

૧૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યની માહિતીઃ

(૧.) (મંજૂરી આપ્યા તારીખઃ ૩૦-૦૫-૨૦૨૦)(સિન્ડિકેટ વિભાગ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના પત્રક્રમાંકઃએચઆરઇ/૨૦૨૦/૫૭૨/ખ-૧ તા.૨૯/૦૫/૨૦૨૦માં દર્શાવ્યા પ્રમાણે બી.એડ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો જે તે સંલગ્ન યુનિવર્સિટીમાંથી ડી-એફીલીએટ કરી ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી એફીલીએટ કરવાની રહેશે. તે પ્રમાણે નીચે દર્શાવ્યા પ્રમાણેની બી.એડ ગ્રાન્ટ-ઇન-એઇડ કોલેજો સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૦-૨૧થી તબદીલ કરવા કુલપતિશ્રીએ મંજૂર કર્યાના...

| ક્રમ | કોલેજનું નામ | શહેર | જીલ્લો | NCTE કોડ | કોલેજનો પ્રકાર |
|---|---|---|---|---|---|
| ૧. | આણંદ એજ્યુકેશન કોલેજ | આણંદ | આણંદ | ૩૧૩૦૦૯ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૨. | શ્રીમતી બી. સી. જે કોલેજ ઓફ એજ્યુકેશન | ખંભાત | આણંદ | ૩૧૩૦૧૨ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૩. | શ્રીમતી એસ. આઇ. પટેલ ઇપ્કોવાલા કોલેજ ઓફ એજ્યુકેશન | પેટલાદ | આણંદ | ૩૧૩૦૧૪ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૪. | શ્રી આર. પી. અનડા કોલેજ ઓફ એજ્યુકેશન | બોરસદ | આણંદ | ૩૧૩૦૧૫ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૫. | એન. એચ. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન | આણંદ | આણંદ | ૩૧૩૦૨૨ | ગ્રાન્ટ-ઇન-એઇડ |
| ૬. | એચ. એમ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇંગ્લીશ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ | વલ્લભ વિદ્યાનગર | આણંદ | ૩૧૪૦૦૧ | ગ્રાન્ટ-ઇન-એઇડ |

કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય બાબત ક્રમાંકઃ ૧૫.૧ને બહાલી આપવામાં આવી.

નંબરઃ કે.૪/ 4688

વલ્લભ વિદ્યાનગર

તારીખ :૧૧/૦૬/૨૦૨૦

કા. કુલસચિવ

પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ જોગ.